## ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટી સ્કૂલના ૯૦ વર્ષની ઉજવણી ઉપલક્ષે અમદાવાદ-વડોદરામાં યોજાયો મિલન સમારંભ

'ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટી સ્કૂલ'- THE BGES SCHOOL (ICSE)ના ૯૦ વર્ષનું સીમાચિહ્નની ઉજવણી એટલે શાળામાં ભણી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પોતાના બાળપણના બારણે ટકોરા મારવાનો અવસર. આજે જ્યારે આપણી શાળા નેવું વર્ષના સેલિબ્રેશનની તડામાર તૈયારી કરી રહી છે ત્યારે દેશ-વિદેશમાં સ્થાયી થયેલા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એમના બાળપણના ખજાનાને 'ખુલ જા સિમસિમ' કહીને એ વર્ષોના નિર્દોષ આનંદને લૂંટવાનો અવસર ઊભો થયો છે.

આ જ કારણે શાળામાં ભણી ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા ૧૯૮૪માં સ્થાપિત થયેલી સંસ્થા 'ભવાનીપુર ગુજરાતી શિષ્ય પ્રતિષ્ઠાન'ના ૧૫૦૦ સભ્યો દેશ-વિદેશમાં વિવિધ ક્ષેત્રે સ્થાયી થયેલા આપણા વિદ્યાર્થીઓને શોધીને, એમના બાળપણને ઢંઢોળીને, એક છત્ર નીચે એકત્ર કરીને ડિસેમ્બર મહિનાની તા.૨૧ થી ૨૩ સુધી શાળાના આ સીમાચિહ્નને ઉજવવા એક ગ્રાન્ડ ફિનાલે કાર્યક્રમના આયોજનનો સંકલ્પ કર્યો છે.

ગત અઠવાડિયે તા.૨૯-૪ના આ ઉજવણીના પ્રથમ ચરણરૂપે અમદાવાદ-વડોદરા ખાતે બે શાનદાર કાર્યક્રમોનું સફળ આયોજન સંપન્ન થયું. આ કાર્યક્રમોની જવાબદારી ભવાનીપુર ગુજરાતી શિષ્ય પ્રતિષ્ઠાનના પ્રમુખ અમરભાઇ શેઠ, પ્રદીપભાઇ શેઠ, પ્રણવભાઇ જાની, જીતુભાઇ શાહ, ઉમેશભાઇ ઠક્કર, ચેતન મહેતા અને અજય પડિયાએ શિરે લીધી હતી. આ ટીમ સાથે અમદાવાદ, વડોદરા, બેંગલોર અને મુંબઇના ચેરપર્સન અનુક્રમે પ્રકાશભાઇ કોઠારી, ચેતનભાઇ દેઢિયા, ભૂપેન્દ્રભાઇ વોરા અને બાલમુકુંદ દોશી તથા અનેક પરિચિત-અપરિચિત જોડાયા હતા. ઉપરાંત બેંગલોરથી પધારેલા આપણી સંસ્થાના આદરણીય ગુરૂજી સ્વ. નલિનભાઇ પટેલના સુપુત્ર નિશીથભાઈ પટેલ તો ખરા જ. ભૂતપૂર્વ વિદ્યાર્થી માટે એક કીટમાં પ્રતિષ્ઠાનનું મેમ્બરશિપ ફોર્મ, અલમનાઇ એવોર્ડ ફોર્મ, શાળાના નેવું વર્ષના સંભારણારૂપે તૈયાર કરવામાં આવેલું એક બેજ-ઓળખ ચિહ્ન ઉપરાંત ભવાનીપુર ગુજરાતી શિષ્ય પ્રતિષ્ઠાન સંબંધી વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. રજિસ્ટ્રેશન વખતે દરેક ભગુઆઇટને કીટ ઉપરાંત બેજ આપવામાં આવ્યાં હતાં.

શાળાનો પ્રોગ્રામ અમદાવાદની ઈન્ડર રેસિડેન્સી હોટલના સવારે ૧૦ કલાકે અને વડોદરાનો કાર્યક્રમ હોટલ સયાજીના મહેલ બેંકવેટ હોલમાં સાંજે ૭ કલાકે યોજાયો હતો. બંને શહેરોમાં રહેતા દરેક ભગુઆઇટનો વ્યક્તિગત સંપર્ક કરીને એમને કાર્યક્રમ બાબત જાણ કરવામાં આવી હતી. બંને શહેરમાં હવા બંધાઇ રહી હતી. પરદેશ રહેતા લોકોને પિયરનો પરિચિત અવાજ હૃદયમાં ઊર્મિની ઝણઝણાટી જન્માવે એમ શાળાના કાર્યક્રમની વાત સાંભળીને ભૂતપૂર્વ ભગુઆઇટના મન જૂની સ્મૃતિઓથી ભીંજાઇ ગયા હતા. પ્રતિષ્ઠાનની કમિટીએ એક સર્જનાત્મક વિચારને અમલમાં મૂક્યો હતો: કાર્યક્રમમાં હાજર રહેનાર દરેક ભગુઆઇટને એક છોડ આપવામાં આવ્યો હતો, જે એને મનગમતી જગ્યાએ રોપી શકે. આજે રોપેલા છોડમાંથી જ્યારે કાલે વૃક્ષ ઊગી નીકળશે ત્યારે પર્યાવરણને મદદરૂપ થવા ઉપરાંત વૃક્ષની લીલાશ સતત આજના દિવસની, આપણી શાળાની યાદ અપાવતી રહેશે.

તા૨૯-૪ના સવારે ઈન્ડર રેસિડેન્સીનો બેંકવેટ હોલ અને સાંજના વડોદરાના હોટલ સયાજીનો બેંકવેટ હોલ શાળાના વર્ગની જેમ હકડેઠઠ ભરાઇ ગયો હતો. બંને સ્થળે લગભગ એકસરખા કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રારંભમાં અલ્પાહારને ન્યાય આપ્યા બાદ શાળાના સ્થાપના વર્ષથી એટલે કે ૧૯૨૮થી શાળામાં ગવાય છે એ ત્રણ પ્રાર્થના અને રાષ્ટ્રગીતથી કાર્યક્રમનો પ્રારંભ થયો. આ પ્રાર્થનાએ અમદાવાદ અને વડોદરાના હાજર રહેલા દરેક ભગુઆઇટની આંખ ભીની કરી દીધી. પ્રતિષ્ઠાનના પ્રમુખ અમરભાઇ શેઠે ઉપસ્થિત રહેલા ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી દિનેશભાઇ મહેતા, રાજેશભાઇ ગાંધી અને શૈલેષભાઇ દેસાઇનો પરિચય આપ્યો અને પૂર્વી કોઠારીએ મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતું. બંને શહેરોના ઇવેન્ટમાં અમરભાઇએ ભવાનીપુર ગુજરાતી શિષ્ય પ્રતિષ્ઠાનની સમિતિના સભ્યો ઉપરાંત અમદાવાદ, વડોદરા, બેંગલોર તથા મુંબઇના ચેરપર્સનનો પણ પરિચય આપ્યો હતો. સ્વાગત પ્રવચન બાદ હાજર રહેલા ભગુઆઇટને આજે શાળા કેવી લાગે છે એનો ખ્યાલ આપવા દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટીના વરિષ્ઠ સેક્રેટરી પ્રદીપભાઇ શેઠે શાળા તથા સોસાયટીની વિકાસગાથાને તથ્યો અને આંકડાના આધારે રજૂ કરી હતી. એ પશ્ચાત્ પ્રતિષ્ઠાનના જનરલ સેક્રેટરી પ્રણવ જાનીએ ઓડિયો વિઝ્યુઅલ રજૂઆત દ્વારા શ્રોતાઓને ૨૦૦૨-૦૩ દરમિયાન આયોજિત પ્લેટિનમ જ્યુબિલી કાર્યક્રમની એક ઝલક દેખાડી હતી અને આ સાલના ડિસેમ્બર માસમાં થનારી શાળાના ૯૦ વર્ષની ઉજવણીનો એક ચિતાર આપ્યો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠાનના પ્રમુખ અમરભાઇ શેઠે અમદાવાદ અને વડોદરાના શ્રોતાઓને સંસ્થાની પ્રવૃત્તિની રૂપરેખા આપીને હાજર રહેલા ભગુઆઇટને એકએક જરૂરતમંદ વિદ્યાર્થીને અપનાવવા અપીલ કરી હતી, જેથી પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિને આગળ ધપાવી શકાય. છેવટે ભવાનીપુર કોલેજની વર્તમાન પ્રવૃત્તિને આવરી લેતી એક વીડિયો ફિલ્મ દેખાડવામાં આવી હતી.

વલ્લભવિદ્યાનગરની અમદાવાદના આ કાર્યક્રમમાં હાજરી આપવા પધારેલા શાળાના ભૂતપૂર્વ શિક્ષક ઠાકર સરને સંભારણારૂપે એક મ્યુઝિક સિસ્ટમ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ૨૦૧૫માં રાષ્ટ્રપતિના હસ્તે નેશનલ એવોર્ડ ફોર ટીચર્સ મેળવી ચૂકેલા ૧૯૮૨ના બેચના વિદ્યાર્થીની કીર્તિદાબેન દેસાઇનું પણ મ્યુઝિક સિસ્ટમનું સંભારણું આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સાથે અમદાવાદના ભગુઆઇટ ટીમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ટીમમાં પ્રકાશ કોઠારી, અમિત પટેલ, કેશમિન પટેલ, નિતેશ શાહ, પ્રીતિ રાવળ તેમજ કૃપા મહેતાનો સમાવેશ થાય છે. અહીં એક વાત ગૌરવપૂર્વક ઉમેરવી જોઇએ કે કૃપા મહેતા રાજકોટની નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમના પ્રિન્સિપાલ છે.

અમદાવાદમાં લંચ પછી ભગુઆઇટ દ્વારા એક સંગીતમય કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં મેહા મઝમુદાર અને મનીષ રૂપાણી મોખરે રહ્યા હતા. બાદ ક્રિસ્ટાઇન અને એમના વાદ્યવૃંદે મંચ સંભાળ્યું હતું. વડોદરામાં પ્રારંભમાં

જ દીપાલી મહેતાએ બે સુંદર ગીતોને રજૂ કરીને સાંજ કેવી અદ્‌ભુત રહેશે એના આગોતરા એંધાણ આપી દીધા હતા. સાંજના કાર્યક્રમમાં વડોદરાની ભગુઆઈટ ટીમનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ટીમમાં શૈલેષભાઈ દેસાઇ, ચેતનભાઈ દેઢિયા, માલવી ગાંધી અને પરેશભાઈ શેઠનો સમાવેશ થાય છે. એ પહેલાં શૈલેષભાઈ દેસાઈએ એમના વકતવ્યમાં 'ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટી'ના માળખાકીય તથા એકેડેમિક વિકાસ અંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

અહીં એક વાતનો ઉલ્લેખ કરવો જોઈએ કે શૈલેષભાઈ દેસાઈ અને ચેતનભાઈ દેઢિયા વડોદરા કાર્યક્રમના સ્પોન્સર રહ્યા હતા અને એમણે આ ઈવેન્ટની આર્થિક સહિત સંપૂર્ણ જવાબદારી સુપેરે નિભાવી હતી, જ્યારે અમદાવાદના કાર્યક્રમનું આયોજન ભવાનીપુર ગુજરાતી શિષ્ય પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ તો એક માત્ર માધ્યમ હતું જે દ્વારા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉષ્માભેર મળ્યાં, બાળપણની યાદમાં ડૂબકી લગાવી અને આંખમાં ઝળઝળિયાં ઊભરાય ત્યાં સુધી હસતા રહ્યા, કારણ કે એમના બાળપણના બારણે આજે ટકોરા પડ્યા હતા. જે શાળાના વિદ્યાર્થીઓ-ભગુઆઈટ્સ આજે પણ શાળાની હાકલ પડે અને દોડતા આવે એ શાળા ૯૦ શું ૯૦૦ વર્ષ પૂરા કરે તો પણ નવાઈ નહીં.

હવે ટૂંક સમયમાં મુંબઈમાં સ્થાયી થયેલા ભગુઆઈટના બાળપણને ઢંઢોળવામાં ટકોરા મારવામાં આવશે. ઓવર ટુ મુંબઈ...❍